ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૧૯

# વસંતોત્સવમાં ભારતીય સંસ્કૃતિનું બેનમૂન દર્શન

## દેશભરના લોકનૃત્યો નિહાળવા પ્રેક્ષકોની ભીડ ઉમટી : ગ્રામ હાટમાં ગ્રાહકોની ભીડની જમાવટ : આ વર્ષે એલઈડી સ્ક્રીન મૂકી કાર્યક્રમોનું જીવંત પ્રસારણ કરાઈ રહ્યું છે







ગાંધીનગર, તા. ૨

હજ્જારો પ્રેક્ષકોની વચ્ચે દિલધડક તલવારબાજી ખેલતા મણીપુરના યુવક-યુવતી, માત્ર ઢોલના ધબકારે ઓરિસ્સાના યુવાનો આશરે ૨૨ ફુટ ઉંચો માનવ પિરામિડ બનાવતા હોય કે રાજસ્થાનના મુસ્લિમ પરિવારના કલાકારો શિવ ઉપાસનાના ગીતો રજૂ કરતા હોય...આ પ્રકારનો સાંસ્કૃતિક સંગમ તો ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવમાં જ જોવા મળે...!! રાષ્ટ્રના ખૂણે ખૂણેથી એકઠી કરાયેલ અવનવી સાંસ્કૃતિક વિરાસતની ઝલક સાથે દેશભરમાં વિભિન્ન પ્રદેશોની હસ્તકળાના કારીગર દ્વારા તૈયાર કરાયેલ હસ્તકલાની બેનમૂન કારીગરીની ચીજવસ્તુઓનું પ્રદર્શન વેચાણ એટલે ગ્રામહાટ જેની નગરજનો આખું વર્ષ કાગડોળે રાહ જુએ છે.

ગાંધીનગરમાં સાબરમતી નદીના પ્રાકૃતિક સૌંદર્યના ખોળે ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા પશ્ચિમ સંસ્કૃતિ કેન્દ્રના સંયુકત ઉપક્રમે આયોજિત વસંતોત્સવ ૨૦૧૭માં દેશભરમાંથી વિવિધ રાજયોના ૧૨ કલાવૃંદ દ્વારા તેમના પ્રદેશના લોક સાંસ્કૃતિક નૃત્યોની મનમોહક રજુઆત કરાય છે. આ ઉપરાંત ગુજરાતના દરરોજ ૩ નવા કલાવૃંદ દ્વારા રાજયની લોકસંસ્કૃતિની કૃતિઓની રજુઆત પણ કરવામાં આવે છે. દેશભરમાંથી આવેલ કલાવૃંદમાં હરિયાણાનું ઘુમર નૃત્ય, લેહ લદાખનું જેબ્રો નૃત્ય, રાજસ્થાનનું ભપંગ વાદન, આસામનું બીહુ નૃત્યુ, ગોવાનું સમઈ-દેખણી, છત્તીસગઢનું પંથી, મણીપુરનુ પુંગ-ઢોલ-ચોલમ-થાંગતાને આવરી લેતું નૃત્ય તથા ઓડિસાના સંભલપુરીનું આદિવાસી નૃત્ય, જામનગરના કલાવૃંદ દ્વારા ભરતનાટયમ તથા કથ્થકની જુગલબંધી તેમજ નૃત્ય પ્રેક્ષકોમાં ખૂબ જ પસંદગી પામ્યા છે. આ સાથે બુધવારે રાત્રે રજુ થયેલા ગુજરાતના ભરૂચ જિલ્લાનું લાલ રૂમાલ-લીલો રૂમાલ ગાંધીનગરના શ્રીજી પરફોર્મિંગ આર્ટસ દ્વારા રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ વસંતોત્સવના સહેલાણીઓએ તાળીઓના ગડગડાટ તથા સીટીઓના અવાજથી વધાવી લીધા હતા. વિજાપુરના હાસ્ય તથા લોકકલાકાર અજય બારોટ દ્વારા સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ સંચાલન કરાયું હતું. ખૂબ મોટી સંખ્યામાં પ્રેક્ષકો આ સાંસ્કૃતિક કાર્યક્રમોની મજા માણતા નજરે પડી રહ્યા છે. વળી આ વર્ષે એલઈડી સ્ક્રીન દ્વારા પણ પ્રેક્ષકોને કાર્યક્રમો લાઈવ બતાવવામાં આવી રહ્યા છે.

વસંતોત્સવનું મુખ્ય આકર્ષણ અહીં ભરાતું હસ્તકલાની ચીજવસ્તુઓનું બજાર ગ્રામહાટ છે. ગ્રામહાટમાં વિવિધ કાચા મટિરિયલ્સ જેવા કે લાકડું, કાપડ, મીણ, પથ્થર, દોરા-મોતી, શણ, ચામડું, સુતર, પ્લાસ્ટિક, રંગ, ધાતુ, માટી, લાખ, કાચ વગેરે આધારિત સુશોભનથી માંડીને ઘરવપરાશ અને મોજશોખની ચીજવસ્તુઓના અઢળક સ્ટોલ્સ છે. આ સ્ટોલ્સ પર કપડાં-જૂતાંથી માંડીને ક્રોકરી, ડેકોરેશન, ફર્નિચર સહિતની અનેકવિધ આકર્ષક ચીજવસ્તુઓ ગ્રાહકોને આકર્ષી રહી છે. આ સાથે અહીં બે ફુડ કોર્ટમાં નાસ્તાની ચટપટી વાનગીઓથી માંડીને જમવા માટેની પંજાબી, ગુજરાતી, સાઉથ ઈન્ડિયન, ચાઈનીઝ તથા અન્ય આઈટમોની વણઝાર મોજુદ છે. જયાં કાર્યક્રમ જોવા આવતા સહેલાણીઓની ભીડ જામી રહી છે.

### ગ્રામ હાટમાં પણ કેશલેસ ટ્રાન્ઝેકશન

નોટબંધી બાદ વડાપ્રધાનના કેશલેસ ઈકોનોમીના સ્વપ્નને જાણે સંસ્કૃતિ કુંજના ગ્રામહાટના વેપારીઓએ ગંભીરતાથી લીધું હોય તેવું જણાય છે. અહીં હસ્તકલાની ચીજવસ્તુઓનું વેચાણ કરતા મોટા ભાગના સ્ટોલસ પર 'પેટીએમ'ના પાટીયા ઝુલતા જોવા મળી રહ્યા છે અને વેપારીઓ 'ઓનલાઈન' પેમેન્ટ સ્વીકારી રહ્યા છે. જો કે સંસ્કૃતિ કુંજની કોતરોમાં કયારેક 'નેટવર્ક' ઓફ લાઈન થઈ જવાનું વિઘ્ન આ વેપારીઓને સતાવી રહ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**દશરથલાલ એમ પરમાર**
**સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ**

**ગાંધીનગર ગમે**

શાંત, રમણીય વાતાવરણ, પહોળા રસ્તા, સામાન્ય જન માટે તેમનાં સ્વાસ્થ્ય જળવાઈ રહે તેવાં વિધાનસભાથી લઈ મહાત્મા મંદિર સુધીના હરિયાળા વાતાવરણને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

અહીંના નાગરિકો ગરીબોને મદદ કરનારા દયાળુ લોકો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરની સેવાકીય પ્રવૃત્તિઓ ખૂબ ગે છે. પોતાના કુટુંબથી તરછોડાયેલાં વડીલોને સાચવતી વૃધ્ધાશ્રમની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શહેરની વિકાસ પ્રવૃત્તિઓ માટે સિનિયર સિટીઝન્સના અનુભવોનો લાભ નાગરિકોને મળી રહે તે માટે સિનિયર સિટિઝન્સ સૅન્ટર્સ શરૂ કરવાં જોઈએ.

**નગર માટે હું કરી શકું**

જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદ કરવા અને તેમના વિકાસ માટે કરવાનાં થતાં સઘળાં કામો માટે હું મારી સેવા ને સહયોગ આપવા તૈયાર છું.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે સરકાર દ્વારા પ્રારંભ કરાયેલ જનરિક દવાઓના 'દિનદયાળ જન ઔષધિ સ્ટોર' પર બિલમાં ગેરરીતિ સાથે છેતરપીંડીનો મામલો સામે આવ્યો છે. ગાંધીનગરના એક દર્દીને અહીંથી ખરીદેલી દવાનું આશરે રૂ. ૪૦ જેટલું વધુ બિલ આપી નાણાં વસુલાયા હોવાની રાવ ઉઠતા શહેરના નાગિરકોને અહીંથી દવા ખરીદતી વખતે બિલ ચેક કરી લેવા શીખ આપી છે.

● રવિવારે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે આધ્યાત્મિક ઉત્કર્ષ ક્ષેત્રે પ્રદાન માટે 'શ્રેષ્ઠ સન્નારી' તરીકે સન્માનિત પ્રેરક પ્રતિભા 'બ્રહ્માકુમારી શિવાની'ના 'જીવનનો એકસ-રે' વિષયે વકતવ્યનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ સે-૧૨માં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ મેડિકલ કોલેજ ઓડિટોરિયમ ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર છે.

● શહેરમાં એક તરફ વસંતોત્સવ ચાલી રહ્યો છે અને બીજી તરફ કુદરત પણ સાચા અર્થમાં વસંતોત્સવ ઉજવી રહી હોય તેમ નગરમાં કુદરતી સૌંદર્ય સોળે કલાએ ખિલી ઉઠયું છે. નગરના માર્ગો પર ગરમાળો, ગુલમહોર તથા રંગબેરંગી ફુલો ધરાવતી બોગનવેલ ઉપરાંત કેટલાક વૃક્ષોની પાન પરના પીળાં પત્તાની ચાદરે ફોટોગ્રાફીના શોખીનો માટે સ્વર્ગ સમું વાતાવરણ સર્જયું છે.

● સંસ્કૃતિ કુંજ ખાતે ચાલી રહેલા વસંતોત્સવમાં પાર્કિંગ વ્યવસ્થા દૂર રાખવાને કારણે મુલાકાતીઓને ખુબ ચાલવું પડે છે. જેના કારણે બાળકો તથા વરિષ્ઠ નાગરિકો ભારે પરશાનીનો ભોગ બની રહ્યાં છે.

## આજે ગીર ફાઉન્ડેશન ખાતે વિશ્વ વન્ય જીવ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ગીર ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પાર્ક ખાતે સંયુકત રાષ્ટ્ર વિશ્વ વન્ય પ્રાણી દિવસની ઉજવણી તા. ૩જી માર્ચ ૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ વાગે થનાર છે.

ગાંધીનગર વન્ય જીવ વિભાગનાં વડા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી જી.કે. સિંહાએ જણાવ્યું હતુ કે આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે વન અને આદિજાતિ રાજય મંત્રીશ્રી શબ્દશરણભાઈ તડવી તથા અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી આર.એલ.મીના ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે વન્ય પ્રાણી ટ્રોફી દહનનો કાર્યક્રમ યોજાશે તથા તાંત્રિક સેશનમાં વાઈલ્ડ લાઈફ ક્રાઈમ અને ચેલેન્જીસ ઈન ઈન્વેસ્ટીગેશન ઉપર વન્ય પ્રાણી ક્રાઈમ સેલના મુખ્ય વન સંરક્ષકશ્રી એસ.પી. સિસોદીયા ક્રાઈમ વિભાગના અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી અનિલ પ્રથમ વકતવ્ય આપશે. પ્રોજેકટ સાયન્ટીસ્ટ વન્ય પ્રાણી સંસ્થાન દહેરાદૂનનાં ડો.શ્રી સુતિર્થ દત્તા તથા સાસણગીરના નાયબ વન સંરક્ષકશ્રી ડો.રામરતન નાલા પ્રવચન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સંયુકત રાષ્ટ્ર દ્વારા વિનાશનાં આરે ઉભેલી વન્ય જીવ સૃષ્ટિ તથા વનસ્પતિ સૃષ્ટિ પ્રત્યે વૈશ્વિક જાગરૂકતા કેળવાય તે હેતુસર દર વર્ષે ૩જી માર્ચના રોજ વિશ્વ વન્ય જીવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.





સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના એન. એસ. એસ. એકમ દ્વારા તા. ૨૫-૦૨-૨૦૧૭થી તા. ૦૩/૦૩/૨૦૧૭ દરમ્યાન ગાંધીનગર જીલ્લાના પોર ગામ ખાતે સાત દિવસીય ''ડીજીટલ કેશલેસ પેમેન્ટ જાગૃવત'' વિષય પર ખાસ વશબીર નું આયોજન કરિમા આવ્યુ છે. આ શિબિરની શરૂઆત સરકારી પ્રાથમીક શાળા, પોર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત સમારંભના ઉદઘાટક અને અધ્યક્ષ સ્થાને પંકજભાઈ બી. ઠાકર (નિયામક, સમાજ સુરક્ષા વિભાગ) તથા મુખ્ય મહેમાન સ્થાને પોર ગામના સરપંચ કાનાજી શકરાજી, અતિથિ વિશેષ તરીકે બળદેભિાઈ ડાયાભાઈ સોલાંકીએ હાજરી આપી હતી. આ ઉપરાંત સરકારી કોલેજના આચાર્ય ડો. કે. જી. છાયા, એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. યુ. પી. તરપદા, સરકારી વિજ્ઞાન કોલેજના પ્રાધ્યાપકો તથા નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુથ કો-ઓર્ડીનેટર રજનીકાંતભાઈ સુથાર, પોર ગામના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા. આ શિબિરમાં સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના એન. એસ. એસ. એકમના ૧૨ વિદ્યાર્થીની અને ૩૫ વિદ્યાર્થીઓ મળી કુલ ૪૭ સ્વયંસેવકો ભાગ લઈ રહ્યા છે.

## અઢી વર્ષથી વોન્ટેડ બુટલેગર એસ.ઓ.જી.ના સકંજામાં

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર એસઓજીની ટીમ સખત સક્રિય થઈ છે. આજે એસઓજીની ટીમે વધુ બે સારી કામગીરી કરી છે. ચિલોડા પોલીસ સ્ટેશનના ગુનામાં અઢી વર્ષથી વોન્ટેડ બુટલેગરને શોધીને પકડી પાડયો છે તો બીજી તરફ પેથાપુર ચોકડી પાસેથી અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાલનપુરમાં તરખાટ મચાવનાર રીઢા મોબાઈલ ચોરને પણ પકડી પાડી સઘન પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓ પકડવા તથા ગુનેગારો પકડવા હાઈપર એકટીવ થઈ છે. દર એક બે દિવસે એકાદ-બે ડીટેકશન એસ.ઓ.જીના ચોપડે નોંધાઈ રહ્યા છે. ત્યારે આજે વધુ એક ડીટેકશન તથા એક વોન્ટેડ આરોપીને એસઓજીની ટીમે પકડી પાડયા છે. પીએસઆઈ ડી.ડી. પરમાર તથા એલ.એસ. ચૌધરીની ટીમે ચિલોડા સર્કલ નજીકથી વોન્ટેડ બુટલેગર બંસીલાલ વેલજીભાઈ કલાલ (રહે. બીંછીવાડા, ડુંગરપુર, રાજસ્થાન)ને પકડી પાડયો છે. છેલ્લા અઢી વર્ષથી આ શખ્સ ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ હતો. તો બીજી તરફ આ જ ટીમે એક રીઢા મોબાઈલ ચોરને પેથાપુર સર્કલ પાસેથી પકડી પાડયો છે. હિંમતનગરના ઈદ્રીશ સદીક મેમણને એક ચોરીના મોબાઈલ સાથે પકડી પાડવામાં આવ્યો છે જે મોબાઈલ પેથાપુરની હદમાંથી જ ચોરી થયો હતો. આ શખ્સ અગાઉ પાલનપુર, વિસનગર તથા અમદાવાદ શહેરમાં પણ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.



## આવતીકાલે માઉન્ટ કાર્મેલના નવા મકાનનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે નવા માળનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ૪ માર્ચને શનિવારના રોજ સવારે ૯.૧૫ કલાકે ઉદઘાટન ગાંધીનગરના થોમસ મેકવાન અને સિસ્ટર નિરમાલીની દ્વારા કરવામાં આવશે.

## આજે પેથાપુર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨

શેઠ મ.ભ. મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત શાળાનો વાર્ષિકોત્સવ આજે (૩-૨-૨૦૧૭)ના રોજ બપોરે ૨.૦૦ કલાકે સેકટર-૧૭ના ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં શાળાના બાલમંદિરથી લઈ ઉચ્ચતર માધ્યમિકના બાળકો ભાગ લઈ પોતાની આવડતની પ્રતિતીની ઝાંખી કરાવશે.

## શહેર પેન્શનર્સ સમાજની ચોથીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની અને ૨૦૧૬-૧૭ની વાર્ષિક સામાન્ય સભા ૪ માર્ચને શનિવારના રોજ યોજાશે. સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સરકારી પ્રાથમિક શાળા સંકુલ સે-૬-બી ગાંધીનગર ખાતે બપોરે ૪ કલાકે મળશે. જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ના હિસાબોની બહાલી, વર્ષ ૨૦૧૬-૧૭ના હિસાબો માટે સીએની નિમણુંક કરવી, આંતરિક ઓડિટરની નિમણુંક તેમજ વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નોના ઉકેલ માટે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

## 'બેઝીક લાઈફ સપોર્ટ' વિષય પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨

આંતરરાષ્ટ્રીય મહિલા પખવાડિયા અંતર્ગત અખિલ ભારતીય સામાજીક સ્વા.સંઘ અને જેસીઆઈ, જેસીરેટ ઈન્ડિયા ગાંધીનગર દ્વારા તા. ૪-૩-૨૦૧૭ને શનિવારના રોજ બપોરે ૩.૩૦ થી ૫ કલાક દરમિયાન સેક્રેટરીયેટ જીમખાના, સે-૧૯ ખાતે 'બેઝીક લાઈફ સપોર્ટ તેમજ ફર્સ્ટએઈડ' ની રોજ બરોજની ઘરમાં ઉપયોગી દવાઓ વિશેની જાણકારી તજજ્ઞો ડૉ. દર્શનભાઈ મોદી અને ડૉ. રાકેશભાઈ ભટ્ટ દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમનો લાભ લેવા ગાંધીનગરના સૌ નાગરિકોને સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ અનુરોધ રેલ છે.

## લગ્નગીતો-લોકગીત સ્પર્ધા યોજાઈ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યકના લુપ્ત થઈ રહેલા સ્વરુપોથી પરિચિત થાય તે હેતુથી લગ્નગીત-લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળા/કોલેજોમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને કંસાર કેવો ગળ્યો લાગે..., આવી રૂડી આંબલીયાની ડાળ..., જેવા ગીતોની રમઝટ બોલાવી હતી. જેમાં આર.જી. કન્યા વિદ્યાલયની પટેલ ધ્રુવી પ્રથમ સ્થાને, વ્યાસ ઈશિતા બીજા ક્રમે તેમજ એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનની પટેલ ચિંતલ તૃતીય સ્થાન પર રહ્યા હતા. નિર્ણાયક તરીકે શ્રી નિરવભાઈ જોશી તેમજ નંદાબેન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશા ગામીતે કર્યું હતું.





## ગાંધીનગર પારા લીગલ વોલેન્ટીયર્સની નિમણૂંક જોગ

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળની પારા લીગલ વોલેન્ટીયર્સ સ્કીમ – ૨૦૧૦ અન્વયે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે તેમ જ તાલુકા કાનૂની સેવા સમિતિ ગાંધીનગરની કચેરી ખાતે શિક્ષક (નિવૃત શિક્ષક સાથે), નિવૃત સરકારી કર્મચારી અથવા સિનીયર સીટીઝન, એમ. એસ. ડબલ્યુ વિદ્યાર્થી અથવા શિક્ષક, આંગણવાડીના કાર્યકર, ડોકટર, બિન રાજકીય સભ્યો, એન.જી.ઓ તથા વુમન નેબરહુડ ગૃપના સભ્યો પારા લીગલ વોલેન્ટીયર્સ નિમણૂંક કરવાની હોઈ, જે વ્યકિત સ્વૈચ્છિક રીતે આ ટ્રેનીંગમાં જોડાવા માંગતા હોઈ તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેકટર નં. ૧૧, ગાંધીનગર ખાતેથી નિયત નમુનાનું ફોર્મ મેળવી તા. ૧૫-૦૩-૨૦૧૭ સુધીમાં વિગતવાર માહિતી ભરી કચેરીને પરત જમા કરવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

## તારાપુર પાસે કારના કાચ તોડી રૂ. ૯૦ હજાર ભરેલી બેગની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી લાડ સોસાયટીમાં રહેતા સંજયભાઈ મનજીભાઈ સોલંકી અડાલજ નજીક આવેલી નર્સરીમાં કોઈ કામ અર્થે આવ્યા હતા. કાર પાર્ક કરીને તેઓ નિકળ્યા અને થોડીવારમાં પરત ફર્યા ત્યાં સુધીમાં તેમની કારના કાચ તોડીને ગઠીયા રૂપિયા ભરેલ બેગની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. એકટીવા લઈને આવેલા બે અજાણ્યા શખ્સો સંજયભાઈની કાર પાસે આવ્યા અને કાચ તોડીને અંદરથી રૂ. ૯૦ હજાર રોકડા તથા અન્ય દસ્તાવેજી કાગળો ભરેલી બેગની ઉઠાંતરી કરીને પળવારમાં પલાયન થઈ ગયા હતા. અડાલજ પોલીસે કાર માલિકની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.



ગાંધીનગર સરગાસણ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શાળાના ટ્રસ્ટી દ્વારા આવનારી બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને તણાવમુકિત વિશે વિગતો સમજૂતી આપવામાં આવી હતી અને પરીક્ષા દરમિયાન કઈ રીતે સમયનું આયોજન કરવું તેની પણ માહિતી આપવામાં આવી હતી. જેનો વિદ્યાર્થીઓએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

## સેકટર-૪-એ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સરકારી આયુર્વેદિક હોસ્પિટલ સેકટર-૨૨ના સહયોગથી સર્જન ચેરિટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યુથ કલબના સંયુકત ઉપક્રમે કોળી સમાજ ભવન, શનિદેવ મંદિરની સામે, સેકટર-૪-એ ગાંધીનગર ખાતે તા. ૪-૩-૨૦૧૭ શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક સુધી નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સર્વ રોગ નિદાન કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા વિના મુલ્યે વિવિધ રોગોનું નિદાન તથા જરૂર જણાય તો સારવારની સુવિધા પુરી પાડવામાં આવશે. શિબિરમાં પેટના રોગો, શ્વાસ, ઉધરસ, કફ, સાંધાના દુઃખાવા, મણકાની તકલીફ, ડાયાબીટીસ, સ્થૂળતા, કાન-નાક-ગળા-આંખ અને દાતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાની સમસ્યા સહિતના તમામ રોગો અંગે દર્દીઓને નિદાન તથા સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે તેમજ જરુરીયાત મુજબ વિના મુલ્યે દવાઓ સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આપવામાં આવશે. આ કેમ્પનો મહત્તમ લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે હેપ્પી યુથ કલબ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન ઓથાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. રાજેન્દ્રભાઈ ગોકળભાઈ પટેલ, ઉ.વ. ૫૪
- સ્વ. ભરતકુમાર ચંદુલાલ દરજી, ઉ.વ. ૪૮
- સ્વ. નાથીબેન પરસોત્તમદાસ પટેલ, ઉ.વ. ૧૦૦
- સ્વ. જતીન ઈન્દ્રવદન કોઠારી, ઉ.વ. ૪૬